જુહુની જફા

ગુજરાતી ખ્યાલ

રચનાર

અરદેશીર ખુરશેદજી દેસાઈ

આવૃતી પહેલી

ઈ. સ. ૧૯[illegible]

કીમત આના બે

પારસી લગ્ન,

તેની બુલંદી અને તેના આશીર્વાદ.

લખનાર

એરચ રૂસ્તમજી ગોળવાલા.

☞ લગ્નના ગાંઠની મોતેબર બુલંદી રંગીન બયતબાજીમાં સુંદર કીસમે સમજાવતું એક ઉપયોગી પુસ્તક, જેનો દીબાચો દખણનાં માનવંત વડા દસ્તુરજી સાહેબ સરદાર દસ્તુર નોશેરવાન દસ્તુર કેકોબાદે લખી જરથોસ્તીઓને ખાસ ખરીદવાને ભલામણ કરી છે.

કી. આના આઠ.

ભેટ આપવા લાયક પાકી શોભીતી બાઇનડીંગનું રૂ. ૧.

"ગોળવાલા કલાસો,"

બુબાખાના સામે, કોટ, મુંબઈ.

Please take note!

ડારવર

એટલે

મરી મસાલો.

☞ ઘરેડુકાઓનાં આ જુના અને જાણીતાં મથકેથી તરેહ-વાર મરી મસાલાઓ, ચટણીઓ, ખાટા–મીઠા–તીખા સોસો, મોંહ ભાવતાં અચારો, દીલ બહે-લાવનારાં શરબતો, મનગમતા મુરંબાઓ, શુદ્ધ શેરડાનો સરકો, સ્વચ્છ મીઠું તેલ, રાઇ, અલસી, વીગેરે વીગેરે ઘર સંસારને ઉપયોગી હમા જણસો મળશે.

ધોબીતલાવ અને કોટની બજાર.

જુહુની જફા

(ગુજરાતી ખ્યાલ)

રચનાર

અરદેશર ખરશેદજી દેશાઈ

આવૃતી પહેલી

ઈ. સ. ૧૯૨૯

કીમત આના બે

આ પુસ્તક "ધી મોદી પ્રીન્ટીંગ પ્રેસ" ૨૩૭-૨૩૯, બઝારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ મધેથી ફરામજી બેરામજી મોદીએ છાપ્યું છે અને ઉપલેજ ઠેકાણેથી મી૦ અરદેશર ખરશેદજી દેશાઇએ પ્રગટ કર્યું છે.

બે બોલ

—:०:—

જુલ્મની છેલ્લી જ્વાળાએ સૌ કોઇનાં જીગરને ગમખાર બનાવ્યાં છે. ગરીબોના ઘરોથી માંડી માતબરોના મકાનો તુલીક એકસરખી ગમી તેણે ફેલાવી છે. તેમ વળી પારસી બાહદુરીના અનેક આગળા દાખલાઓમાં એક કદિ નહી વીસરાય એવી બેનમુન બાહદુરીનો એક વધુ દષ્ટાંટ ઉમેર્યો છે. સમસ્ત કોમ આજે પોતાના ગુમાયલા બાહદુર નર-રત્નોની યાદ આંસુભરી આંખે કરે છે અને તેઓને મીનોઇની શાંતી ઇચ્છી તેઓના વિયોગના ગમમાં ગીરફ્‌તાર બનેલાં તેઓના અતલગના વ્હાલાંઓને ઉંડી દીલ-શોઝીની નજરથી જુવે છે.

આ ખ્યાલ તેના કમીના કર્તા તરફથી તે સ્વર્ગે સીધારેલા શુરવીરોની યાદમાં મુંબઇનાં જાણીતાં માઝ-દયસ્ની મંડળનાં ઉમંગી ઑનરરી સેક્રેટરી મી૦ એરચ ર. ગોળવાલાની સુચના ઉપરથી એ મંડળના હવે પછી થનારા એ અશો વીરોની યાદના મેલાવડામાં ગવડાવવા માટે જોડવામાં આવ્યો છે.

મુંબઇ, તા૦ ૨૦-૮-૨૫ — અરદેશર ખ. દેસાઈ

અર્પણ

—(:૦:)—

પર કાજે પ્રાણ આપનારા

શુરા

કાલી અને દીનશાહને

કેમકે

શેર

અમ્મર તે નર છે સદા આ અને તે જેહાંનમાં
પર કાજ જે મરે છે ખેડી જીવ પર હામમાં
ઘટે છે તેવા નર શુરાને સ્વર્ગ સદાબરૂ ધામમાં
ધન્ય તેના માતપીતાને સૌ વદે છે ગામમાં

કર્તા

રોજ સરોશ
માહ અસફનદારમદ, ૧૨૯૮
તા૦ ૨૦ મી ઑગષ્ટ, ૧૯૨૯



મરહુમ મી૦ દીનશાહ શાવકશાહ એડનવાલા

જુહુની જફા

બહેર–જરફી લંગડી

હાય હાયના પોકાર–કરે સર્વે નર ને નાર
ગજબ થયો સીતમગાર–કંપે જૈફો ને જવાન
જુહુ દર્યાવિ–ગયા બેમુલા બાહદુર પ્રાણુ જવાન–ટેક.
ચોથી ઑગસ્ટનો દન–ઓગણીસ ઓગણુતીસનું સન
હતું અમાસનું વિધન–પડયા બાહર સહવાર
જમના તેડેલા–ચાલ્યા જુહુ ગામ પીકનીકે ચાર

નામદાર મુંબઈ સરકારે બહાલ રાખેલી

સ્થાપના ધી સ્ટાર મીડલ સ્કુલ. ૧૯૧૬

(છોકરા, છોકરીઓ માટે)


તથા

ધી સ્ટાર મ્યુઝીક, કટીંગ, પેઇન્ટીંગ ક્લાસ

કુપર બીલ્ડીંગ, ખેતવાડી, બારમી ક્રોસ ગલી.

ઉપલાં ખાતાંમાં માલેકની જાતી દેખરેખ હેઠળ શરૂઆતથી અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી નવી પધ્ધતિ પ્રમાણે અનુભવી અને ટ્રેન્ડ શિક્ષકોથી સંગીન કેળવણી આપવામાં આવે છે. બાળકોની રીતભાત તથા નીતીરીતી ઉપર દેખરેખ રાખી ધર્મનું જ્ઞાન પણ આપવામાં આવે છે. તેમજ શારીરિક ખીલવણી માટે ડ્રીલ તથા ડ્રોઇંગનું શિક્ષણ પણ ખાસ સ્પેસ્યાલીસ્ટો મારફતે આપવામાં આવે છે. મ્યુઝીકનું, કટીંગનું તેમજ ડ્રોઇંગ, પેઇન્ટીંગ, ફ્લાવર મેકીંગનું ખાસ શિક્ષણ આપવામાં આવે છે.

વધુ વિગત માટે માલેક મી૦ બામબોટને ઉપલેજ ઠેકાણે મળો.



મરહુમ મી૦ કાવસજી સોરાબજી એડનવાલા

હતો ભરતીનો અમલ—અતી તોફાની વમળ
પર્વંત સમ ઉછળતું જળ—નહી રાખી દરકાર
ઓતથી ભમેલા—પડયા સુસવાતા સાગરમાં ધખધુકાર

શેર.

એડનવાળા કુટુંબના હતા નબીરા તેમાં બે નેકજી
રતનાગરનો ડીક ત્રીજો એડવોકેટ વળી એકજી
ચોઠી હતી રૂપસુંદર રમણી પરસોતર ડીકની નેકજી
એમ હતા જીવ ચારે બધા ઉછળતી જવાનીના છેકજી

[illegible] પાણીની ભાહર—રાખી ડર ન જરાય
ન બાજુમાં કોઈ સાહસ—ગુજરી જહા બેગુમાન
જુદુ દર્યાવિ—ગયા બેઝુલા બાહદુર પ્રાણ જવાન.

એમ તરતાં બેફીકર-દર્યા તોફાની અંદર
સપડાઈ તેહેમીના સુંદર-ખોહયો ખુદનો આધાર
એકાએકી-લાગી ઉંડાણમાં ધસડાવા નીરાધાર
કર્યો શોર ને બકોર-જોઈ તોફાનનું જોર
સુણી દોડયો સરજોર-જંગી પારસી જવાન
હામ બીડીને-ધસ્યો શેરે બબર સમ તાલ્યારખાન

શેર.

સુણી હાક અબળા તણી ઝટ ધસ્યો તે જવાનજી
મસ્ત મોજાંઓ મહી બીડી જબરદસ્ત હામજી
ઝટ દેખડાવ્યું લોહી ક્યાની ખુદનું તે ઠામજી
ધન્ય એવા નરવીરના હયરતભર્યાં કામજી

ધન્ય ધન્ય તાલ્યારખાન-શુરવીરોમાં તું છે મહાન
તને સહાયક છે યઝદાન-તને ઘટે છે સનમાન
જુહુ દર્યાવે-ગયા એગુલા બાહદુર પ્રાણ જવાન.


જોઈ પરણેતરનો હાલ-દોડયો ભરથાર તત્કાલ
ધરી હૈયાંમાં વ્હાલ-નહી પળ બી કરી
જાનથી પ્યારા-ગયો ધર્યો તુરત નહી ઢીલ કરી
જોઈ ડીક પ્યારાને ખાસ-મુકયો તાબ્યારખાનનો પાસ
વલગી પ્રાણપતિને ખાંસ-ખોહી ધીરજ તમામ
પળની અંદર-ફરી વળ્યો એક મોજે મહાન મુદામ

શેર.

શું દાદગર દાવર તને દયા આવી નહી અરે
પળ એક માત્ર ભરમાં તે બેઉના પ્રાણો તું હરે
જીંદગીની મોજના તરસ્યાં હતાં તે બંને જવાન ખરે
હાય ગજબ તેં શું કર્યો સૌ કોઇ એમ કરગરે

અક્કલ સૌની થઈ ગુમ-થયાં એકાએક બેઉ ગુમ
નહી સંભલાઈ વટીક ખુમ-થયો ગજબ કારી મહાન
જુદું દર્યાવે-ગયા બેમુલા બાહદુર પ્રાણ જવાન.

"AIDA"



No 214.
350 C. P.

તમામ જગતમાં આઇડા-લેન્ટર્ન
કાંય આશીર્વાદ સમાન થઈ
પડયું છે !

—સબબ—

તે જ્યાં બી છે ત્યાં અંધકારની
આફતનો ભય નથી—

વળી

તે ભરોશાપાત્ર, અખંડ પીત્તલનું બનાવેલું, ૩૫૦ કેંડલ પાવરની ચોખ્ખી રોશની આપનાર, ધરખમ, ટકાઉ, વાપરવામાં બહુજ સહેલું અને જરા પણ કડાકુટ વગરનું ઘર શોભાવે તેવું આઇડીયલ લેન્ટર્ન છે.

સોલ એજન્ટઃ—

એ. ઈબ્રાહીમ વીરજી, રંગુનવાલા.

નાં. ૧૮, ખાણુવાલા બીલ્ડીંગ, પાયધુની, **મુંબઈ ૩.**


નોંધઃ-પરાંવાસીઓને ખાસ વાપરવાની ભલામણ કર્યે છીએ.

એડનવાળા બીરાદર—હતા બે જે હાજર
કાલી, દીનશાહ નામવર—જોઈ જદ્દા જીઆંગાર
વીજળી વેગે—ધસ્યા મદદે તેઓની સાગરમા બાર
ગયા તોફાનમાં તણાઇ—મસ્ત મોજામાં વીંટલાઇ
ઉડાણુ દર્યે ખેંચાઇ—થઈ માહેતમ બેસુમાર
કોમની અંદર—શોકાતુર બન્યાં સૌ નર ને નાર

શેર.

અમ્મર તે નર છે સદા આ અને તે જેહાંનમાં
પર કાજ જે મરે છે બેડી જીવ પર હામમાં
ઘટે છે તેવા નર શુરાને સ્વર્ગ સદાબરૂં દામમાં
ધન્ય તેના માતપીતાને સૌ વદે છે ગામમાં

ધન્ય તારૂ ખાનદાન—કાલી, દીનશાહ જવાન
પર કાજે ખોહયા પ્રાણુ—એમાં ખુશી છે યઝદાંન
જુહુ દર્યાવે—ગયા બેઉલા બાહદુર પ્રાણુ જવાન.







મરહુમ (મીસીસ) તાહેમીના ડીક રતનાગર

બોલી માતાએ સબર-સમજી મરણુની ખબર
હતો એકનો એક પીસર-બની દીવાની સમાન
ગમના ઘાએ-વરસાવ્યાં આંસુઓ લોહીના નીદાન
દીકરા મારાને લાવો-દીકરા મારાને લાવો
ના મને કોઇ તરસાવો-એમ કરતી ગુમરાન
દીલની તુટેલી-ધસતી દર્યામાં કરવા પ્રાણુ કુરબાન

શેર.

જોઇ કલાપીત માવીતરની શોક ગમ કરતું અતી
રંગરાગના તે મઠકની અતી ગમખાર બની ગતી
રોઇ રોઇ તે માદર પ્યારી દર્યામાં પડવા જતી
પત્થરને પીગલાવે એવી આહોઝારી ત્યાં થતી

અજબ માવીતરનું વ્હાલ-જોઇ ગુમ થયેલો બાલ
ધર્યો દીવાનાનો હાલ-બની દુન્યાથી બેભાન
જુદુ દર્યાવે-ગયા બેગુલા બાહદુર માજી જવાન.

કુલ જરથોસ્તી આલમને બેસ્તું સાલ મુબારક.

સુખડ માટે હવે ઘણું લખાયું છે ને લખાય છે. અમારાં માનવંતા ઘરાકોને એટલુંજ કહેવું બસ છે કે પાદશાહ અરદીબહેસ્ત માટે ખરી ખુશબો એજ ખરૂં પુન છે. મુકતાદની પવિત્ર ક્રીયામાં પણ ખુશબોદાર સુખડનીજ જરૂર હોય છે તો પછી વગર અચકાવે વાપરો

બીનહરીફ ફુરગ જીલ્લાનું ખુશબોદાર સુખડ.

સુખડની લોકપ્રીયતા કાંઈ શુશોભીત ટુકડાઓમાં સમાયલી નથી પણ તેની ખુશબોમાંજ હોય છે.

અમારે ત્યાં મૈસુર જીલ્લાના છાપ સાથના પેરીયાં તેમજ માચી પણ જોઇએ તો તૈયાર મળશે.

અમો કસ્તી, નારાં, અગર, લોબાન, નીલગીરીની ચાહ, વીગેરે કીફાયતેજ વેચીએ છીએ.

દારાં કુંપની,

૨૨૪, બાજારગેટ સ્ટ્રીટ, કોટ,

શેઠની અગીઆરીના દરવાજાની બરોબર સામે

ખુણામાંની દુકાન.

ભરે ગમના આંસુ કોમ—સાથે રડે બી પર કોમ
જોઈ જફાનું આ જોમ—કર્યો કહેર કીરતાર
વગર દયાએ—હર્યા તેં કોમના ભાવી આધાર
શાંતી બક્ષજે દાદાર—ભલી મીનોઇની અપાર
દેજે ધીરજનો આધાર—ખમવા જખમનો ભાર
માતપીતાને—દુઃખમાં તેમના દુઃખી છે કોમી નરનાર

શેર.

ફુલઝાડનું ફળ જુવો કેવું કારમું થાય છે
પોતે થઇ જુદા જાનથી બીજાને દુઃખ પાય છે
જફા જુફુની આ જોઇ યાદ આગળી તાજી થાય છે
આશા કોમની જેવા જીવો આ બધા અંકાય છે

જુફુની જફા આ કારી—થઈ ત્રીજે વરસ જારી
જીગર સૌના બન્યાં ભારી—શું મુખે કરૂં બયાન
જુફુ હર્યો વે-ગયા બેગુલા બાહદુર પ્રાણ જવાન.

હતી તેહેમીના સમાન-શહેરાં કરાક્ષ જવાન
ખોહ્યો જેણીએ પ્રાણ-વર્ષ ત્રણેક ઉપર
આજ કીનારે-ડેમે ખોહ્યો એક દીલસોઝ રહેબર
જોઈ શહેરાં પર વખાલ-ધર્યો જાલ તત્કાલ
એડનવાળાઓ મીસાલ-નદી કર્યો પળ ભર
જીવથી જાતાં-મરઝબાન ખાનદાનનો શુરો પીસર

શેર.

રાહ દીગર જ્યાં લીએ ચાલ ફરતાં આસમાનની
ઇનસાન કોશેશો કરે લાખો પણ તે બે બહામની
જ્યાં મરજી માલેકની જુદી ત્યાં શું તાકત ઇનસાનની
બેદ ભરમોથી ભરપુર છે ગયબી ચાલ યઝદાનની

થયો જખમી બુઢા બાપ-ભાઇ બહેનોને સંતાપ
પડયો લોક કલેજે કાપ-વરસ્યો કહેર સમાન
જીહુ દર્શાવે-ગયા બેમુલા બાહદુર પ્રાણ જવાન.

વાંચી નહી હોય તો જરૂર વાંચજો.

અણગમતી કે મનગમતી ?

અરદેશર ખ. દેશાઇની પારસી સંસારની વારતા.

સુપ્રસિધ્ધ કયસરે-હિન્દ લખે છે કે "પારસી સંસારની આ એક નાની પણ રસીક વારતા છે. એક વખત હાથમાં લીધી તો પુરી કરીનેજ મુકવા ગમે એવી છે. એક નાદાન ઉછાછલા પારસી જવાનની એક મહોમેદન એકટ્રેસ પછવાડે ફીદાગીરી અને તેમાંથી ઉપજતા અનેક સંસારી ઝઘડાઓનો આ કીસ્સો કોઈ પણ જાતના પીંજણથી નીરાળો છે."

પાકું પુઠું-ગ્લેઝડ કાગળો-સ્વચ્છ છપાઈ-છતાં રૂ. ૧ાા.

મોદી પ્રીન્ટીંગ પ્રેસ.

૨૩૭-૨૩૯, બજારગેટ, કોટ, મુંબઈ.

૧૪૯૦૯

સમજો જરથોસ્તી નર નાર—બન્ને જાવો જુદુ ચીકાર
રાખો દિલમાં કંઇ વિચાર—નાહવા ઉતરતાં જરી
ચોમાસાંમાં—જાય છે તરનારાઓ અઠંગ ડરી
તજો ખોટી ફુલડાઇ—આગ સાથની આસનાઇ
એમાં ખુહવારી સમાઇ—દાખલા નજરે ધરી
જાનથી જાશો—ફુઝત, નાદાન્યત, તેહેંકરાઇ કરી

શેર.

મોરની સુન્જે ચાલી તીતર અંતે પસ્તાય છે જરૂર
મગોલ મોતે મરે વાણ્યો રાખી મનમા ખોટું ગરૂર
અકરીકટ નાહક બરો દીલ તો પછી કોણુનો કસુર
ફેશન એવી ફરેબીમાં કાંય ફુઝુલ રહો ચકચુર

ચેતો ગજબ જોઇ આય—જોતાં જોવાયેં ના જાય
કહેર કર્તાનો કહેવાય—અદી સત કરી માન
જુદુ દર્શાવે—ગયા બેઝુલા બાહદુર પ્રાણુ જવાન.

નામાંકીત પારસી, હિન્દુ અને મુસલમાન કલમકશો
તેમજ જાહેર છાપાએ એકે અવાજે વખાણેલી

રૂસી વાણી.

(૧૨૦૦ દીલપઝીર દોહરાઓનો સંગ્રહ)

રચનાર

રૂસો જ. બેસાન્યા.

કીંમત રૂ. બે. પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:

"ગોળવાલા કલાસો,"
મુંબાખાના સામે, કોટ, મુંબઈ.